**Surat Municipal Institute of Medical Education Research**
Opp. Bombay Market, Umarwada, Surat-395 010. (Guj.)India.
**Medical Superintendent (SMIMER Hospital)**
Phone Nos.2333756, 2368040 to 43 - Extn.1600
FAX No.(0261) 2360306

નં.સ્મીમેર/હોસ્પિટલ/આઉટ/નં. 5707
તા.3 /12/૨૦૨૫

પ્રતિ,
......................
......................
......................

**વિષયઃ સ્મીમેર હોસ્પિટલમાં દાખલ (Unknown/Unattended) દર્દીઓ માટે ડાયેટ સપ્લાય કરવામાં આવતી DISPOSABLE આઈટમોની ખુલ્લા બજારમાંથી ખરીદી કરવા બાબત.**
Quotation Notice No.SMIMER/Hospital/store(stationary)/01-(2025-2026)

## ક્વોટેશનની સામાન્ય શરતો અને બોલીઓ

૧. સદર DISPOSABLE આઈટમોની ડીઝાઈન આ સાથે ક્વોટેશનમાં આમેજ કરેલ છે. વધુમાં સંસ્થા ધ્વારા સેમ્પલ/ડેમોની માંગણી થયેથી રજુ કરવાના રહેશે.

૨. ક્વોટેશન સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/ પરથી મેળવી લેવાનું અથવા સ્મીમેર હોસ્પિટલના વહીવટી વિભાગ(સ્ટોર વિભાગ)થી ૧૧:૦૦ કલાક થી સાંજના ૦૪:૦૦ કલાક સુધી (કચેરી રજા સિવાય) મેળવી શકાશે.

૩. અધુરી વિગતવાળા ક્વોટેશન, યોગ્ય રીતે સીલ બંધ વગરના ક્વોટેશન રદબાતલ ગણવામાં આવશે અન્યથા સ્વીકારવામાં આવશે નહી.

૪. સફળ ઈજારદારે જણાવેલ ભાવ ઓછામાં ઓછા ૧૨(બાર) માસની વેલીડીટી માટે આપવાના રહેશે. જે માન્ય ગણવામાં આવશે.

૫. ઈજારદાર મનસ્વી રીતે ઈજારો છોડી શકશે નહી. ઈજારો છોડવા માટે સ્મીમેર હોસ્પિટલને દિન–૩૦ ની અગાઉથી લેખિતમાં જાણ કરવાની રહેશે.

૬. આ સાથે સામેલ ભાવપત્રક સિવાયના અન્ય કાગળમાં ભાવો જણાવવા નહી. અન્ય કાગળમાં જણાવેલ ભાવ માન્ય રહેશે નહી.

૭. ઉપયોગી DISPOSABLE આઈટમોની ખરીદવાના કામે અન્ય તમામ પ્રકારના ખર્ચ, દર, વળતર, મહેનતાણા, કર, વેરા, લેવી, ડયુટી, મટીરીયલ, સાધનો, ઉપકરણો, ટ્રાન્સપોર્ટેશન વિ. સમાવિષ્ટ રહેશે.

૮. ઈજારદારે **વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન, જી.એસ.ટી. સર્ટીફીકેટ નકલની સ્વપ્રમાણિત કરેલ હાર્ડકોપી તેમજ સદરહું ભાવપત્રકની મૂળ/નકલ સહી–સિકકા સહિત બંધ કવરમાં અચૂક રજુ કરવાનાં રહેશે** અને કવર ઉપર કામનું વર્ણન, રેફરન્સ નંબર તેમજ ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખનો ઉલ્લેખ કરી સ્મીમેર હોસ્પિટલ, સુરતને નિર્ધારીત તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ મળેલ ભાવપત્રક/ઓફર સ્વીકારવામાં આવશે નહી. તે અંગેનો અબાધિત હકક સ્મીમેર હોસ્પિટલને જ રહેશે.

૯. DISPOSABLE આઈટમો વિગેરે અંગ્રેજી ભાષામાં આ સાથે સામેલ ભાવપત્રકમાં જ ભાવ ભરવાનો રહેશે અને સંસ્થાની માંગેલ વિગત તથા સહી, સિકકા કરવાના રહેશે.

૧૦. સુ.મ.પા. જરૂર જણાયે શરતોમાં ફેરફાર કરી શકશે જે ઈજારદારને બંધન કર્તા રહેશે.

૧૧. સફળ ઈજારદાર તરફથી ક્વોટેશનમાં દર્શાવવામાં આવેલ જે ઠેકાણા(સરનામા) જણાવવામાં આવેલા છે તે ખરા છે અને તે ઠેકાણામાં કોઈપણ ફેરફાર થાય તો તેની સ્મીમેર હોસ્પિટલને સફળ ઈજારદારે તાત્કાલિક લેખિત જાણ કરવાની રહેશે. સફળ ઈજારદારે જણાવેલા તેમના ઠેકાણા ઉપર જે કઈ પત્ર વ્યવહાર કરે તે કોઈપણ કારણસર પાછો આવે તો પણ તે તેને પહોચેલો ગણાશે.

૧૨. સફળ ઈજારદારને કામની સોંપણી થયેથી દિન–૧૫માં સુ.મ.પા. ધ્વારા નિયત કરેલ ફોર્મેટમાં ગુજરાત રાજયનાં નોન જયુડીશીયલ સ્ટેમ્પ/ફ્રેન્કીંગ/ ઈ–સ્ટેમ્પીંગ પેપર ઉપર રૂ.૩૦૦/–ની કિંમતના કરારનામું અને રૂ.૩૦૦/– ની કિંમતના અન્ડરટેકીંગ પોતાના ખર્ચે કરવાનું રહેશે.

**Surat Municipal Institute of Medical Education Research**
Opp. Bombay Market, Umarwada, Surat-395 010. (Guj.)India.
**Medical Superintendent (SMIMER Hospital)**
Phone Nos.2333756, 2368040 to 43 - Extn.1600
FAX No.(0261) 2360306

૧૩. સફળ ઈજારદારે સીક્યોરીટી ડિપોઝીટ પેટે ૦૫%(પાંચ) પ્રમાણે રોકડા/બેંક ડીમાન્ડ ડ્રાફ્ટ/બેંકર્સ ચેકથી દિન-૧૫ માં "કમિશનર, સુરત મહાનગરપાલિકા" નાં નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો બેંક ડીમાન્ડ ડ્રાફ્ટ/બેંકર્સ ચેક સીક્યોરીટી ડીપોઝીટ પેટે જમા કરાવાના રહેશે. કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહી. નિયત સમયમર્યાદામાં સીક્યોરીટી ડિપોઝીટની રકમ ભરપાઈ કરવામાં આવશે નહી તો ૦.૦૬૫% પ્રમાણે પ્રતિ દિવસ મુજબ ડીલે પેનલ્ટી વસુલ કરવામાં આવશે. (એસ.ડી. ઉપર કોઈ પણ પ્રકારનું વ્યાજ સુ.મ.પા. ચુકવશે નહિ.)

૧૪. DISPOSABLE આઈટમ ઈજારદારશ્રી ધ્વારા અત્રેની કચેરીના સ્થળ ખાતે સ્વખર્ચે પહોંચતા કરવાના રહેશે. ડિલીવરી પિરીયડ ઓર્ડર તારીખ થી ૧૫(પંદર) દિવસનો રહેશે.

૧૫. સુરત મહાનગરપાલિકા ધ્વારા એકવાર મંજુર થયેલ ભાવો બાબતે ઈજારો મંજુર કર્યા બાદ પાછળથી કોઈ પણ જાતના ભાવમાં ફેરફારની માંગણી માન્ય રાખવામાં આવશે નહી.

૧૬. શરતી ભાવપત્રકો રદ થવાને પાત્ર રહેશે.

૧૭. ઉકત ઈજારા અંગે કોઈ તર-તકરાર ચલાવવા દેવામાં આવશે નહી તેમ થતા તમામ વિવાદ સુરત કોર્ટની હકુમને આધિન રહેશે.

૧૮. કામ અંગેના તકરારી મુદ્દામાં મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.

૧૯. કવોટેશન સ્વીકારવાની આખરી તારીખના કામકાજના બીજા દિવસે અનુકુળતા હશે તો અથવા અન્ય અનુકુળ દિવસે/સમયે કવોટેશનો ખોલવામાં આવશે.

૨૦. ભાવપત્રકમાં જણાવેલ DISPOSABLE આઈટમોના ભાવ ફરજીયાત આપવાનો રહેશે. જે પ્રમાણે સૌથી ઓછો ભાવો/ઓફર મંજુર/નામંજુર કરી, ખરીદ કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાને આધિન રહેશે. જે બાબતે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૨૧. જી.એસ.ટી.ની રકમ સિવાયનું અન્ય કોઈ ચુકવણું ઈજારદારને અલગથી કરવામાં આવશે નહી. જે તે સમયે અમલમાં હોય તે દરે જી.એસ.ટી.ની રકમનું ઈજારદારને અલગથી ચુકવણું કરવામાં આવશે.

૨૨. કેન્દ્ર/રાજય સરકારશ્રી તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ધ્વારા વસુલ લેવા જોગ લાગત કરવેરા વિગેરે કપાત કરી, બીલ ચુકવણી કરવામાં આવશે.

૨૩. સુરત મહાનગરપાલિકાનો GST NO.24AAALS0678Q1ZE

મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ
સ્મીમેર હોસ્પિટલ

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે. સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.
ઈજારદારની સહી અને સિકકો:

તારીખ :

સ્થળ :

Surat Municipal Institute of Medical Education Research
Opp. Bombay Market, Umarwada, Surat-395 010. (Guj.)India.
Medical Superintendent (SMIMER Hospital)
Phone Nos.2333756, 2368040 to 43 - Extn.1600
FAX No.(0261) 2360306

**મોકલવા માટેનું સરનામુ :**

મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી,

DCHC, 2nd ફલોર,

વહીવટી કચેરી(સ્ટોર વિભાગ), સ્મીમેર હોસ્પિટલ,

ઉમરવાડા, સુરત–૩૯૫૦૧૦

**બંધ કવર ઉપર દર્શાવવુ (ફરજીયાતપણે) :**

**સ્મીમેર હોસ્પિટલમાં દાખલ (Unknown/Unattended) દર્દીઓ માટે ડાયેટ સપ્લાય કરવામાં આવતી DISPOSABLE આઈટમોની ખુલ્લા બજારમાંથી ખરીદી માટેનું કવોટેશ.**

Quotation Notice No.SMIMER/Hospital/store(stationary)/01- (2025-2026)

**ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખઃ–૦૬/૧૨/૨૦૨૫**

ઉપરોકત જણાવેલ કામે ઉપરોકત સરનામા પરથી અથવા સુ.મ.પા.ની વેબસાઈટ : https://www.suratmunicipal.gov.in પરથી ડાઉનલોડ કરી રજુ કરેલ સમય મર્યાદામાં કવોટેશનમાં દર્શાવેલ તમામ શરતો મુજબ કવોટેશન બંધ કવરમાં ઉકત દર્શાવેલ સરનામે રજુ કરવાનું રહેશે.

નીચે દર્શાવેલ DISPOSABLE આઈટમો માટે સપ્લાય કરવામાં રસ ધરાવનારે પોતાના ભાવપત્રકો બંધ કવરમાં ઉપરોકત વિગતો મુજબ તા.૦૩/૧૨/૨૦૨૫ થી તા.૦૬/૧૨/૨૦૨૫ સુધીમાં દિન–૦૪(ચાર)માં પહોંચતા કરવાના રહેશે.

सूरत महानगर पालिका
बहुजनहिताय बहुजनसुखाय

**Surat Municipal Institute of Medical Education Research**
Opp. Bombay Market, Umarwada, Surat-395 010. (Guj.)India.
**Medical Superintendent (SMIMER Hospital)**
Phone Nos.2333756, 2368040 to 43 - Extn.1600
FAX No.(0261) 2360306

SMC SMIMER

**કામનું નામ :** સ્મીમેર હોસ્પિટલમાં દાખલ (Unknown/Unattended) દર્દીઓ માટે ડાયેટ સપ્લાય કરવામાં આવતી DISPOSABLE આઈટમો અમો નીચે સહી કરનાર પૂરા પાડવા માંગીએ છીએ. જે અંગેના નીતિ–નિયમો, શરતો વિગેરે અમે વાંચ્યું છે. જે અમોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે. ઉક્ત કામ રાખવા માટેની અમારી ઓફર નીચે મુજબ છે.

સંસ્થાનું નામ : ..............................................................................

સંસ્થાનું સરનામુ : ..............................................................................

GST No : ....................................... મોબાઈલ નં. : ...............................

| SR NO | ITEM NAME | SPECIFICATION | APROXIMATE THREE (3) MONTHS REQUIRMENT | UNIT RATE | TOTAL | GST (Applicable) | TOTAL AMOUNT |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| | | | | | 4*5 | | 6+7 |
| 1 | DISPOSABLE CUPS | BIODEGRADE DISPOSABLE CUPS 100 TO 150 ML FOR HOT AND COLD BEVERAGE TEA/ COFFEE | 6300 | | | | |
| 2 | 5 COMPARTMENT MEAL TRAY | 5 COMPARTMENT MEAL TRAY ECO FRIENDLY BIOGRADABLE FOR DINNER/LUNCH | 6300 | | | | |
| 3 | DISPOSABLE GLASS | HEAVY GSM RECYCLABLE DISPOSABLE GLASS 300 TO 350 ML OF LIQUID DIET (JUICE/SOUP/MILK) | 6300 | | | | |
| 4 | ROUND WHITE PAPER PLATE | BIODEGRADABLE 8" INCH ROUND WHITE PAPER PLATE FOR BREAK FAST | 6300 | | | | |
| | | | | | | TOTAL... | |


ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે. સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.

ઈજારદારની સહી અને સિક્કો :

તારીખ :

સ્થળ :

**Surat Municipal Institute of Medical Education Research**
Opp. Bombay Market, Umarwada, Surat-395 010. (Guj.)India.
**Medical Superintendent (SMIMER Hospital)**
Phone Nos.2333756, 2368040 to 43 - Extn.1600
FAX No.(0261) 2360306

| SR NO | ITEM NAME | SPECIFICATION | ફોટો |
|---|---|---|---|
| 1 | DISPOSABLE CUPS | BIODEGRADE DISPOSABLE CUPS 100 TO 150 ML FOR HOT AND COLD BEVERAGE TEA/ COFFEE |  |
| 2 | 5 COMPARTMENT MEAL TRAY | 5 COMPARTMENT MEAL TRAY ECO FRIENDLY BIOGRADABLE FOR DINNER/LUNCH |  |
| 3 | DISPOSABLE GLASS | HEAVY GSM RECYCLABLE DISPOSABLE GLASS 300 TO 350 ML OF LIQUID DIET (JUICE/SOUP/MILK) |  |
| 4 | ROUND WHITE PAPER PLATE | BIODEGRADABLE 8" INCH ROUND WHITE PAPER PLATE FOR BREAK FAST |  |